# શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક
# ‘ક્રાંતિ તીર્થ’

Kranti Teerth Shree Shyamji Krishna Varma Memorial
Mandvi, Kachchh

GMDC
FUELING THE GROWTH

સલાયા – મસ્કા રોડ, ગામ : મસ્કા, તા. માંડવી–કચ્છ, પીન : ૩૭૦૪૬૫ (ગુજરાત)
મોબાઈલ : ૯૯૭૮૪ ૦૮૪૯૫, ઈ–મેઈલ :krantiteerth@hotmail.com

---

તારીખ : ૦૫/૧૦/૨૦૨૧

## અખબાર યાદી :-

**તા. 03-10-2021** શ્રી શ્યામજી કૃષ્ણ વર્માની 165મી જન્મ જયંતી ના ભાગરૂપે પૂર્વ દિવસે શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરીયલ ફાઉન્ડેશન દ્વારા પ્રમુખ શ્રી ગોવર્ધનભાઈ કવિ તેમજ શ્યામજી કૃષ્ણ વર્માજી ના માનસપુત્ર તેમજ ટ્રસ્ટી શ્રી મંગલભાઈ ભાનુશાલી દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ ની શરૂઆત શ્યામજી કૃષ્ણ વર્માજી ના જન્મ સ્થળ થી સવારે 7.30 કલાકે સાઇકલ રેલીનું શુભારંભ માંડવી નગર અધ્યક્ષા શ્રીમતિ હેતલબેન સોનેજી દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ 9.00 કલાકે રાષ્ટ્ર માટે દોડનું શુભારંભ પૂર્વ રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમ શ્રી શ્યામજી કૃષ્ણ વર્માજી ના જન્મ સ્થળ થી ક્રાંતિતીર્થ સુધી કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમિયાન માંડવી-મુન્દ્રા ના લોકપ્રિય ધારાસભ્ય શ્રી વીરેન્દ્રસિંહ જાડેજા, ક્રાંતિતીર્થ ના પાયાના પથ્થર શ્રી હીરજી મુળજી કારાણી (હીરજીકાકા), શ્યામજી કૃષ્ણ વર્માજી ના “માનસપુત્ર” તેમજ ટ્રસ્ટી શ્રી મંગલભાઈ ભાનુશાલી, માંડવી નગર અધ્યક્ષા શ્રીમતી હેતલબેન સોનેજી , કિસાન મોરચાના પ્રદેશ મંત્રી શ્રી રાણશીભાઈ ગઢવી, જી.એમ.ડી.સી.ના વહીવટી અધિકારી શ્રી અલ્પેશભાઈ મકવાણા, મસ્કા સરપંચ શ્રી કિર્તીભાઈ ગોર , ક્રાંતિતીર્થ ના મેનેજર શ્રી મહેશભાઈ ઠક્કર તેમજ કચ્છી ભાનુશાલી મહાજન સમાજ ના અનેક આગેવાનો અહીં ઉપસ્થિત રહ્યા હતા. ભાનુશાલી સમાજના ભાઈ બહેનો તેમજ મસ્કા ગામના નાના નાના ભૂલકાઓએ શ્યામજી કૃષ્ણ વર્મા પહેરવેશ પહેરી ને ક્રાંતિતીર્થ ને શ્યામજી મય બનાવેલ. આ કાર્યક્રમમાં અનેક શ્યામજી પ્રેમી જનતાએ ભાગ લીધું હતું.

શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા અમર રહો.......... ભારતમાતા કી જય.........

**-મેનેજર “ક્રાંતિતીર્થ”**